જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૮/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૫૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૯૨૪૩	૧૨૭	૬૯૩૭૦	૭૦૧૪૦	૧૪૦	૭૦૨૮૦
કુલ		૮૫૭૧૯	૧૨૭	૮૫૮૪૬	૯૪૫૩૦	૧૪૦	૯૪૬૭૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૫	૪,૨૮,૮૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૯૯	૧૨,૯૯,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૫૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૨૦ દેશી દારૂ, ૮૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪૫ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૨ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૫,૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૫૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરી :- **સમાચાર યાદી નં.૧૫૬૦/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટ : કુશાલભાઇ અશ્વિનભાઈ પરીખ (ઉ.વ.૩૧)(રહે.કેમ્પ સદરબજાર, કેન્ટોનમેન્ટ એરીયા, શાહીબાગ) એ તા.૨૬/૦૮/૨૦૨૧ ના રોજ રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૮/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગે સાબરમતી રીવરફ્રન્ટના પશ્ચીમ તરફના ભાગે વલ્લભસદન મેદાનમાં આવેલ શૌચાલય ઉપર કુશાલભાઇ મિત્રો સાથે બેઠા હતા ત્યારે બે અજાણ્યા ફકીર વેશવાળા છોકરાઓ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી "તમો હાથ લાંબો કરો તમને બરકત આપુ" તેમ કહેતા કુશાલભાઇએ તેમનું પાકિટ છોકરાઓના હાથમાં મુકતા, કુશાલભાઇની નજર ચુકવી તેમના પાકીટમાંથી કુલ ૧૧૦૦/- અમેરીકન ડોલર જે ભારતીય ચલણ મુજબ રૂપિયા ૮૧,૦૦૦/- પાકીટમાંથી ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સરદારસિંહ જેસિંગસિંહ ચલાવે છે.

કાગડાપીઠ : બળવંતભાઇ પ્રભુદાસ પરમાર (ઉ.વ.૪૪)(રહે,લલીતા કોલોની, વિરાટનગર સામે, ઇસનપુર રોડ, ઇસનપુર) એ તા.૨૬/૦૮/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૮/૨૦૨૧ સવારના ૧૦/૩૦ થી ૬/૦૦ દરમ્યાન સારંગપુર મહાવીર ઘંટાકર્ણ માર્કેટ "યોગી કેશ એન્ડ કેર" નામની લેડીઝ કુર્તીની દુકાનની બહાર દરવાજા પાસે મુકેલ લેડીઝ કુર્તીઓનાં ત્રણ પાર્સલ જેમાં કુલ-૨૭૮ લેડીઝ કુર્તીઓ કુલ કિંમત રૂપિયા ૮૮,૩૧૧/- કોઇ અજાણી વ્યક્તિ બળવંતભાઇની નજર ચુકવી ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મોહમદશાહીલ શબ્બીરમીયા ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુ:- **સમાચાર યાદી નં.૧૫૬૧/૨૦૨૧**

ચાંદખેડા : હરીભાઇ ખોડાભાઇ વાઘેલા (ઉ.વ.૫૫)(રહે. હોમટાઉન-૪ તેજેન્દ્રનગર-૦૭ પાસે, ચાંદખેડા) તા.૨૬/૦૮/૨૦૨૧ ના કલાક ૧૦/૩૫ વાગ્યાના સુમારે રેલ્વે ઈલેક્ટ્રીક પોલ નંબર ૭૭૪/૮ થી ૭૭૬/૬ વચ્ચે ઉમાભવાની રેલ્વે ફાટક થી ત્રાગડ ફાટક વચ્ચે ટ્રેઇનની અડફેટે આવી જતા માથામાં ગંભીર ઇજા થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રભાઇ ભગવાનરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી